## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*લાગ્યો ચેપ માણસાઈ ને માનવતા મરી ગઈ!*
*ગંઠાઈ ગયું હૃદય, મૃત્યુની સંવેદના મરી ગઈ!*
*મરી ગઈ લાગણી અને થીજી ગયાં અશ્રુઓ પણ -*
*રિસાયો ભગવાન? એની કૃપા પણ મરી ગઈ?!*
*(આઘાતજનક વિકરાળ કાળ)*

હાઈકુ

*થઈ ગૈ બુઠ્ઠી*
*સંવેદના મૃત્યુની -*
*સળગે સ્નેહ!*

*ખોવાયો દેહ*
*તૂટ્યા પ્રેમ સંબંધ -*
*મમતા ભસ્મ !!*

### ચિંતન

*ઉત વાત પિતાતિ ન ઉત ભ્રાતોત નઃ સખા ।*
*સ નો જીવાતવે કૃધિ ॥ ॥*

ઉપરોક્ત શ્લોક સામવેદમાંથી લેવામાં આવેલ છે.

વાયુ જીવન છે, આરોગ્યદાતા છે. આથી પ્રાતઃકાળે ઊઠીને પ્રાણદાયક વાયુનું નિયમિત સેવન કરવું એ પિતા, ભાઈ અને મિત્રતા જેટલું સુખ આપે છે.

સંસારમાં વાસ્તવિક સૌંદર્ય પ્રકૃતિમાં જ છે. આપણે કૃત્રિમ પ્રસાધનોથી આપણું સૌંદર્ય વધારવાનો ભલે ગમે તેટલો પ્રયત્ન કરીએ, પરંતુ પ્રકૃતિના સંપર્કથી આપણા શરીરને જે સ્વાસ્થ્ય શક્તિ અને સૌંદર્ય પ્રાપ્ત થાય છે તે અનેક રીતે ચઢિયાતું હોય છે. પ્રકૃતિના નિયમોનું પાલન કરવાથી, વ્યાયામ અને પ્રાકૃતિક ભોજનથી શરીરના સ્નાયુઓનો સમતોલ વિકાસ થાય છે અને અંગેઅંગમાંથી સૌંદર્યનું તેજ ફૂટે છે. પ્રાતઃકાળે સૂર્યોદય પહેલાં ઊઠીને સુખદાયક પ્રાણવાયુનું નિયમિત સેવન અને વ્યાયાયમ કરવાથી મનુષ્ય નિરોગી અને દીર્ઘજીવી બને છે. જો આપણે બળવાન શક્તિશાળી અને વીર બનવા ઈચ્છતા હોઈએ તો આપણે આ નિયમિત દિનચર્યા સ્વીકારવી જોઈએ.

પોતાની જરૂરિયાત મુજબ સમયગાળો નિશ્ચિત કરીને સવારમાં પ્રાણવાયુનું સેવન તથા વ્યાયામ સ્વાસ્થ્ય માટે સર્વોત્તમ છે

### સુવિચાર

- તોડ કર ભરોસા વો યું ગયા, શક્લ અબ ના દિખાને સા રહા - **ઈકબાલ હુસૈન**
- સુખ હોય કે દુઃખ, એનાથી માણસ તરીકેના માણસના દૈવતમાં કંઈક વધારો થાય તો તે બન્ને શ્રેયકારક છે - **એસ. ભટ્ટાચાર્ય**
- મુકાબલો કરવાની તમારી રીત ઉપર તમારા મનની એકંદર સ્વસ્થતા અને સુખ-શાંતિનો આધાર છે - **ભૂપત વડોદરિયા**
- જ્ઞાન એટલે ગુરુની અનુભવ વાણી - **ડો. નીરુબહેન અમીન**
- દુઃખને દયા ગણીને પીનારાંને તે એટલું કડવું લાગતું નથી - **ધર્મલોક**
- માણસે જિંદગી નામના એક પરવાનાની અચોક્કસ મુદતને કારણે જ તેની કિંમત સમજવી જોઈએ - **જીવનસૂત્ર**
- આજનું ઔષધ : મીઠા લીમડાના દસ દસ પાન સવાર-સાંજ ચાવીને ખાવાથી ખરતા વાળ અટકે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

તેર વર્ષના બાળકને લંડનમાં કયારેક છાપા વેચવાનું તો કયારેક ફળ વેચવાનું, કયારેક ઘોડા સાચવવાનું કામ કરવું પડતું. માતાપિતા ન હોઈ તે ઘોડાના તબેલામાં એકલો રહેતો હતો. ભણવાની ખૂબ ઈચ્છા થતી પણ પૈસા ન હતા. રખડતા છોકરાને સ્વભાવ અનુરુપુ એક બુક બાઈન્ડરને ત્યાં નોકરી મળી. તેને ત્યાં આવતા અખબારો વાંચીને એણે જ્ઞાન મેળવવાની શરુઆત કરી. વાંચન ભૂખ વધતી ગઈ. એ બુક બાઈન્ડરને ત્યાં આવેલા એ ગ્રાહકે આ બાળકને જોયો. અને તેની વાતચીત પરથી તેમને આ બાળકનો વિજ્ઞાન વિષયમાં રસનો અંદાજ મેળવ્યો. તેમણે એ વખતના પ્રખ્યાત વૈજ્ઞાનિક સર હમ્ફી ડેવીના લેકચરમાં આવવા આમંત્રણ પત્ર આપ્યું. લેકચર સાંભળ્યા બાદ આ બાળકે હમ્ફીના લેકચરની સરસ નોંધ લખી અને એની સાથે પોતાની ટીપ્પણી પણ લખીને સર હમ્ફી ડેવીને પોસ્ટમાં મોકલી આપી.

ડેવી આ યુવાનના વિચારો અને ધગશથી ખૂબ પ્રભાવિત થયા. એમણે વળકી ટપાલે એ છોકરાને પોતાની પ્રયોગશાળામાં નોકરી પર રાખી લીધો. આ છોકરાના મનમાં ઈલેકટ્રીસીટી બનાવવાની ધૂન સવાર હતી. એ માટે તે ઘણા પ્રયોગો કરી રહ્યો હતો પણ હજી સફળતા મળતી ન હતી. એક દિવસ એક પ્રયોગ સફળ થયો. અને જગતને વિજળી (ઈલેકટ્રીસીટી)ની ભેટ મળી. આ છોકરો એટલે મહાન વૈજ્ઞાનિક માઈકલ ફેરાડે.

# બંગાળમાં દીદીનો જય જયકાર

*તંત્રીસ્થાનેથી...*

આકાશપાતાળ એક કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને એમના જમણા હાથ જેવા ભાજપના ચાણક્ય-ગૃહ પ્રધાન અમિત શાહ પશ્ચિમ બંગાળમાંથી મમતા બેનરજીનાં મૂળિયાં ઉખાડી નાખવા છેલ્લી ઘડી સુધી ઝઝૂમ્યા પરંતુ આખરે 'તૃણમૂલ'નાં મૂળ અકબંધ અને અડીખમ રહ્યાં. લોકસભાની રાષ્ટ્રવ્યાપી ચૂંટણી જેટલું જોર ભારતીય જનતા પાર્ટીએ પશ્ચિમ બંગાળમાં લગાવ્યું હતું અને કાર્યકર્તાઓની મોટી ફોજ ઉપરાંત મોદી-શાહની રેલીઓથી વિવેકાનંદ અને ટાગોરની ભૂમિ ધમધમતી રહી હતી. મમતા બેનરજી પાસે હતું માત્ર 'મા, માટી, માનુષ''નું એ જ જૂનું પુરાણું સૂત્ર. પરંતુ બંગાળની દીકરીને એની ભોમકાએ ફૂલડે વધાવીને પ્રજાકીય શક્તિનો પ્રચંડ પરચો બતાવી દીધો છે. હિંદુત્વના કાર્ડમાં વિકાસનો મુદ્દો ઉમેરી બંગાળી મતદાતાઓને આકર્ષવાનો કીમિયો નિષ્ફળ નીવડ્યો છે. તૃણમૂલ કોંગ્રેસના ચૂંટણી વ્યૂહકાર પ્રાશાંત કિશોરે ભાજપ બંગાળમાં બે આંકડા પાર કરે અર્થાત સો સીટો મેળવે તો 'ધંધો' છોડી દેવાની વાત કરી હતી તે સાચી પડી છે. ભાજપને અલબત્ત ફાયદો જરૂર થયો છે. ૨૦૧૬ની વિધાનસભાની ચૂંટણીમાં ૩ બેઠકો મેળવનાર ભાજપને તે વખતે કોંગ્રેસે મેળવેલી બેઠકો મળતાં એણે કાઠું તો કાઢ્યું છે. પરંતુ દીદીનું ધનોતપનોત કાઢવાની પ્રતિજ્ઞા લઈ આદુ ખાઈને એમની પાછળ સ્ટાર પ્રચારકોની ફોજ ઉતારનાર અને દીદીના જ વફાદાર સિનિયર અને લોકપ્રિય સાંસદો-ધારાસભ્યોને તોડી-ફોડી-લલચાવી એમની સામે કમળનું નિશાન લઈ ઊભા કરી દેનારા 'ગુજરાતી નેતાઓ'ની બેલડી બંગાળમાં બૂરા હાલે ચીત થઈ ગઈ છે. દીદી પાસે ફક્ત એમની લોકનિષ્ઠા હતી, સાદી જીવનશૈલી હતી. દસ વર્ષ અગાઉ સામ્યવાદીઓને ઉખાડી ફેંકનાર આ બંગાળની દુર્ગા સામે ભાજપના રામ ટાંય ટાંય ફીસ થઈ ગયા છે. તમિળનાડુમાં પણ ભાજપ સમર્થિત અન્ના-દ્રમુકની સામે દ્રવિડ મુનેત્ર કળગમના દિવંગત નેતા એમ. કરુણાનિધિના પુત્ર સ્ટાલિનના નેતૃત્વ હેઠળ ભાજપ વિરોધી સરકાર રચાઈ રહી છે. આસામમાં ભાજપની સ્થિતિ અકબંધ રહી એનું કારણ કોંગ્રેસમાં નેતૃત્વનો અભાવ છે. કોંગ્રેસ કેરળમાં પણ માર ખાઈ ગઈ છે અને ત્યાં સામ્યવાદીઓ એમનો ગઢ સાચવવામાં સફળ રહ્યા છે. ભાજપે કેરળમાં પગદંડો જમાવવા મેટ્રોમેન શ્રીધરન જેવા ટેકનોક્રેટની પ્રતિષ્ઠા હોડમાં મૂકી હતી પણ પ્રજાની તાસીર આ ભગવી પાર્ટી સમજી શકી નથી. પુડુંચેરીમાં પક્ષપલટાનું રાજકારણ અને કોંગ્રેસના જૂથવાદનો લાભ ભાજપ સમર્થિત મોરચાને જરૂર મળ્યો છે. ટૂંકમાં આ પાંચે રાજ્યોની ચૂંટણીએ એક વાત દીવા જેવી સ્પષ્ટ કરી દીધી છે. જો પ્રજાને ધોળા દિવસે તારા બતાવીને વોટ ઉઘરાવવાના કારસા ચાલતા રહેશે તો એવું ફસામણું રાજકારણ લાંબો વખત નહીં ચાલી શકે. દીદી તો 'રાષ્ટ્રીય વિભૂતિ' બનીને ઊપસ્યાં છે, જેમની વિપક્ષી એકતાની હાકલ આગામી લોકસભાની ચૂંટણી વખતે મોદીને ધોળા દિવસે તારા બતાડી શકે છે. ભાજપનું વ્યૂહાત્મક અને સિદ્ધાંતવિહોણું તથા માત્ર અને માત્ર સત્તાલક્ષી રાજકારણ દેશની પ્રજાને સમજાવવા માંડ્યું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ દેશની વિકટ પરિસ્થિતિમાં રેલીઓ, કુંભમેળો અને રામ મંદિર જેવા ઉપક્રમોમાં વ્યસ્ત વડાપ્રધાન વગોવાઈ રહ્યા છે. મમતાની સામે એમના જ જમણા હાથ જેવા અને એ જ નંદીગ્રામની બેઠક પર વર્ષોથી જીતતા રહેલા શુભેન્દુ અધિકારીને ઉતારવાની કૂટનીતિમાં મોદી-શાહ ભલે સફળ થયેલા લાગે પરંતુ સરવાળે બંગાળી પ્રજા માટે તો બંગ અસ્મિતા અને દુર્ગા શક્તિના પ્રતીક તરીકે મમતા બેનરજી જ ઉપસી આવ્યાં છે. રાજ્યપાલ ધનખડથી લઈ ચૂંટણી પંચ અને અર્ધલશ્કરી દળો સહિત બધાને દીદીએ વ્હીલચેરમાં બેઠાં બેઠાં પણ ચૂંટણીની લડાઈ જીતી શકાય છે તે બતાવી દીધું છે. પ્રજા જ્યારે એના અસલી અને નકલી નેતાઓ વચ્ચેનો ભેદ પારખવાની શક્તિ કેળવી લે છે ત્યારે એને સર્વોપરિ સત્તા પણ ઉલ્લુ બનાવી શકતી નથી.

# એપેડેમીક એક્ટ દાખલ

## સેવા ના કરનાર ડૉક્ટર સામે પગલા ભરાશે : એપેડેમીક ડીસીઝ એક્ટ, ૧૮૯૭ની જોગવાઈ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ગુજરાતમાં હાલમાં કોરોનાની વૈશ્વિક મહામારીમાં જનસમુદાય મોટા પ્રમાણમાં સપડાયો છે તેવા સમયમાં ગુજરાત સરકારે કોરોનાના દર્દીઓ માટે ઉભી કરેલ વ્યવસ્થા મુજબ દર્દીઓને ઝડપી સારવાર મળી રહે તે માટે બોન્ડ ધરાવનાર ડૉક્ટરોને ફરજ ઉપર હાજર થવા આદેશ કર્યો છે. બોન્ડ ધરાવનાર ડૉક્ટરો ફરજ ઉપર તાત્કાલિક હાજર નહી થાય તેવાની સામે એપેડેમિક એક્ટ હેઠળ કાર્યવાહી કરવાનો સરકારે હુકમ કરેલ છે.

રાજ્યમાં હાલમાં કોરોનાની સુનામી ફેલાઈ છે. ગુજરાતની હોસ્પિટલોમાં દર્દીઓનો ઉભરાટ છે, પરંતુ ડૉક્ટરોની અછત છે. સરકાર ગમે તેટલી વ્યવસ્થા કરે તો પણ હાલમાં ઓછી પડે તેમ છે. તેમ છતાં બોન્ડ લીધેલ ડૉક્ટરો ફરજ ઉપર હાજર ના થતાં હોય ત્યારે ગુજરાત સરકારે ૨૬ એપ્રિલ, ૨૦૨૧ સુધીમાં આવા તમામ ડૉક્ટરો ફરજ ઉપર હાજર નહી થાય તો એપેડેમિક ડીસીઝ એક્ટ, ૧૮૯૭ની કલમ : ૨એ, ૩ મુજબ ડૉક્ટરો ઉપર પગલા ભરવામાં આવશે. આથી બોન્ડ ધરાવનાર તમામ ડૉક્ટરોને ગુજરાત સરકારે નોટીસ પાઠવી હાજર થવા ફરમાન કરેલ છે. અવગણના કરનાર બોન્ડ ધારક ડૉક્ટરો સામે એપેડેમિક ડીસીઝ એક્ટ, ૧૮૯૭ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

ગુજરાતમાં આશરે ૭૮૦૦૦ જેટલી નવીન બેડો કોવિડ હોસ્પીટલોમાં ઉભા કરવામાં આવ્યા છે. આ માટે ટ્રેઈની નર્સ, સ્ટાફ તથા વોર્ડબોયની ડાયરેક્ટ ભરતી કરવા માટે જીલ્લા મેજીસ્ટ્રેટને સરકારે પાવર આપી દીધા છે. જે મુજબ બોન્ડ ડૉક્ટરોની પણ તાત્કાલીક જરૂરીયાત ઉભી થતા આયુર્વેદ, હોમીયોપીથીના ડોક્ટરોને પણ આ એક્ટમાં સમાવેશ કરી તેમને પણ તાત્કાલીક ફરજ ઉપર હાજર થવા નિર્ણય કરવામાં આવ્યો છે.

ગુજરાત આરોગ્ય કમીશ્નર જયપ્રકાશ શિવહરેએ ગુજરાતની સરકારી મેડીકલ કોલેજોના અ ॅ ા ે જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજોના બોન્ડેડ તબીબોને ફરજીયાતપણે તાત્કાલીક ફરજ પર હાજર થવાનો હુકમ કરેલ છે.

આ આદેશ મુજબ રાજ્ય સરકારની સરકારી મેડીકલ કોલેજોના ૫૧૩, રાજ્યની સરકારી મેડીકલ કોલેજોના ૧૩૬ તથા રાજ્યની જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજોના ૫૯૩ ઉમેદવારોને તબિબિ વર્ગ-૨ તરીકે અપાયેલી નિમણૂકના સંદર્ભે હાજર થવા માટેનો હુકમ કરવામાં આવ્યો છે.

રાજ્યની તબિબિ શિક્ષણ અને સેવાઓના કમિશ્નરશ્રીએ કરેલા હુકમ મુજબ કોરોનાના દર્દીઓની સારવાર માટે માનવબળની ઘટ પડેલ છે ત્યારે આ ઉમદા માનવીય કાર્યમાં મદદરૂપ થવા માટે બોન્ડેડ ડૉક્ટરોએ ફરજ ઉપર હાજર થવુ જોઈએ અને કપરા કાળમાં માનવ સેવા પરમો ધર્મઃ ના સુત્રને સાર્થક કરવું જોઈએ. ઘણા દેશોમાં ઈમરજન્સી વખતે યુવાનોને ફરજીયાત આર્મીમાં ભરતી કરવામાં આવે છે.

આઠ શહેરની મ્યુનિસીપલ કમિશ્નરોને એપેડેમિક એક્ટની કલમઃ૩ મુજબ કાર્યવાહી કરવા માટે જણાવાયું છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
-
info@trivediassociates.in

# અતિ ઉજાસ કરનારા, તિમિરનો નાશ કરનારા કિરણને આવવા સારુ, ઉઘાડી રાખજો બારી

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

**દુઃખી ને દર્દીઓ કોઈ, ભૂલેલા માર્ગવાળાને**
**વિસામો આપવા ઘરની ઉઘાડી રાખજો બારી.**
**ગરીબની દાદ સાંભળવા, અવરના દુઃખને દળવા**
**તમારાં કર્ણ-નેત્રોની ઉઘાડી રાખજો બારી.**


કૃષ્ણની કથા કરતાં વધુ મધુર કથા ભારતમાં મને ન સાંભળવા મળી છે, ન વાંચવા મળી છે. કૃષ્ણ હિંદુસ્તાન આખામાં પરમ પ્રિય છે. સામાન્ય રીતે બને છે એવું કે અમુક વ્યક્તિ પૂજ્ય હોય છે અને અમુક પ્યારી હોય છે. પરંતુ કૃષ્ણ પરમ પૂજ્ય પણ છે અને પરમ પ્રિય પણ. ભક્તો એમનું ચરિત્ર ગાતાં ને વાગોળતાં કદી થાકતા નથી. ચૈતન્ય મહાપ્રભુ, સૂરદાસ, મીરાં વગેરે કૃષ્ણભક્તિથી તરબોળ થઈ ગયાં છે.

કૃષ્ણ ગીતાના પ્રવક્તા છે અને ''ગીતા'' આવે છે. મહાભારતમાં, પરંતુ કૃષ્ણનો સંપૂર્ણ પરિચય આપણને મહાભારતમાં નથી મળતો. ભાગવતમાં કૃષ્ણનું ભગવત્ સ્વરૂપનું ચરિત્ર છે. તે સિવાય કૃષ્ણનું ચરિત્ર જાણવા માટે આપણે મહાભારતમાં જવું પડે. ''મહાભારતમાં પાછળથી હરિવંશપુરાણ' જોડી દીધું છે; કૃષ્ણનું પૂર્ણ ચરિત્ર તેમાં આવે છે.

- હિંદુસ્તાનના લોકો ''ગીતા''ના કૃષ્ણને એટલા નથી જાણતા જેટલા ગોપાલકૃષ્ણને જાણે છે. કૃષ્ણ ગોકુળમાં રહીને ગાયો ચરાવતા. ગાયોની સેવા કરનારા, ગાયોનું પાલન કરનારા કૃષ્ણ જ અહીંની આબાલવૃદ્ધ જનતાને અતિ પરિચિત છે.

કૃષ્ણ યોગ-યોગેશ્વર હતા, પરંતુ લોકોના સેવક જ રહ્યા અને સૌથી મોટી વાત એ કે લોકોએ પણ એમને સેવક જ માન્યા. જાણે પોતાના દોસ્ત ન હોય !

જ્યારે મહાપુરુષના મહાપુરુષત્વનો ખ્યાલ પણ કોઈને ન રહે, ત્યારે એ વસ્તુ તે પુરુષની સૌથી મોટી મહાનતા છે, નમ્રતાની પરિસીમા છે. આવી



મહાનતા કૃષ્ણમાં હતી. પોતે બહુ ઊંચી કોટિના હતા, છતાં એમણે હંમેશાં પોતાને સામાન્ય જ માન્યા.

કૃષ્ણ પોતે કદી રાજા ન બન્યા, સેવક જ રહ્યા. એમણે કંસનો વધ કર્યો અને મથુરાનું આખું રાજ એમના હાથમાં આવી ગયું. પણ કૃષ્ણ પોતે ગાદી પર ન બેઠા, એમણે ઉગ્રસેનને ગાદીએ બેસાડ્યો. પછી એમના હાથમાં દ્વારકાનું રાજ્ય આવ્યું, તો તે એમણે બલરામને આપી દીધું, પોતે ન લીધું. મહાભારતનું આવડું હ્મોટું યુદ્ધ થયું અને તેમાં કૃષ્ણને કારણે જ પાંડવોનો વિજય થયો. પરંતુ કૃષ્ણ ધર્મરાજ યુધિષ્ઠિરના માથે જ રાજ્યાભિષેક કર્યો. તેઓ પોતે હંમેશા સેવક જ રહ્યા. પોતે કદી રાજા ન બન્યા, ગરીબનવાજ જ રહ્યા. આનું જ નામ નિષ્કામ સેવા. કૃષ્ણ જેવો. અનાસક્ત સેવક હિંદુસ્તાનમાં બીજો જોયો નથી, જે નીચામાં નીચી મનાતી સેવા નિરહંકાર ભાવે કરી શકતો.

મારી મા કહેતી હતી કે રામાવતારમાં ભગવાન સેવા લઈ-લઈને થાકી ગયા. રાજા બન્યા, મોટા ભાઈ બન્યા, બધા પાસેથી સેવા લીધી. વાનરો પાસેથી પણ સેવા લીધી. એટલે કષ્ણાવતારમાં નક્કી કર્યું કે હવે સેવા લેવી નથી, સેવા આપવી જ છે. તેથી કૃષ્ણાવતારમાં ભગવાન મોટા ભાઈ ન બન્યા, રાજા પણ ન બન્યા, રાજ્ય આવ્યું તો બીજાને દઈ દીધું. પોતે સેવક જ રહ્યા; અને માણસોની જ નહીં, ગાય-ઘોડાનીયે સેવા કરી. રામ આદર્શ રાજા થયા, કૃષ્ણ આદર્શ સેવક.

બાળપણમાં એમનો ગાયો સાથે સંબંધ રહ્યો, મોટા થયા પછી ઘોડા સાથે. મુરલીનો ધ્વનિ સાંભળતાં ગાયો ગદ્ગદ થઈ જતી અને કૃષ્ણનો હાથ ફરતાં જ ઘોડા હણહણવા લાગતા. મહાભારતના યુદ્ધમાં સાંજ થતાં સહુ સંધ્યા આદિ કરવા ચાલ્યા જતા, પણ કૃષ્ણ તો રથના ઘોડાઓને છોડીને એમને પાણી પીવડાવતા. ખરેરો કરતા, એમના શરીરને સાફ કરતા. તે સેવામાં એમને કેટલો આનંદ આવતો. તેનું વર્ણન કરતાં કવિ ધરાતા નથી !

યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કર્યો. કૃષ્ણ પણ તેમાં ગયેલા. કહેવા લાગ્યા, તમે બધાંને કામ સોંપ્યાં, પણ મને જ ન સોંપ્યું; તો મને પણ કંઈક કામ દો. યુધિષ્ઠિર કહે, ''તમને શું કામ આપું ? તમે તો અમારા સહુ માટે પૂજનીય છો, આદરણીય છો. તમારે લાયક મારી પાસે કોઈ કામ નથી.'' કૃષ્ણ બોલ્યા, ''આદરણીય એટલે શું નાલાયક ?'' યુધિષ્ઠિર કહે, ''અમે તો તમારા દાસ છીએ.'' તો કૃષ્ણ કહ્યું, ''હું તો દાસાનુદાસ છું.'' છેવટે યુધિષ્ઠિરે કહ્યું કે, ''તમે જ તમારે લાયક કામ શોધી લો.'' ત્યારે કૃષ્ણ કયું કામ શોધ્યું ? જમણવાર વખતે એઠાં પતરાળાં ઉઠાવવાનું અને સફાઈ કરીને લીંપવાનું !

સમાજમાં ક્રાંતિ ત્યારે જ થશે, જ્યારે સમાજના ભણેલા-ગણેલા અને ઊંચા સ્તરના લોકો સૌથી નીચેના સ્તરના લોકો સાથે આવું તાદામ્ય સાધશે, એમની સાથે એકરૂપ થશે.

**- વિનોબા ભાવે**

Last Seen :

**અતિ ઉજાસ કરનારા, તિમિરનો નાશ કરનારા**
**કિરણને આવવા સારુ, ઉઘાડી રાખજો બારી.**
**થયેલાં દુષ્ટ કર્મોના, છૂટા જંજીરથી થાવા**
**જરા સત્કર્મની હાની ઉઘાડી રાખજો બારી.**

**- પ્રભાશંકર પટ્ટણી**

- nehalgadhavi101@gmail.com

# માણસને કેટલી જોડ કપડાં જોઈએ?

નવી સવાર
રમેશ તન્ના

અમદાવાદની અરવિંદ મિલના માલિક કસ્તુરભાઈ લાલભાઈ ઘસાયેલાં કપડાં પહેરતા. કરોડો લોકો માટે કપડાંનું ઉત્પાદન કરનારા અને શિક્ષણ ક્ષેત્ર માટે ક્ષણ માત્રમાં લાખો-કરોડો રૂપિયાનું દાન આપનારા આ શ્રીમંતને થીગડાંવાળાં કપડાં પહેરવામાં ક્યારેય કોઈ ક્ષોભ થતો નહીં. એક વખત તેમનો અત્યંત ઘસાઈ ગયેલો કોટ બતાવીને તેમના મુનિમે કહ્યું કે હવે તમારે કોટ બદલવાની જરૂર છે. ત્યારે તેમણે જવાબ આપ્યો હતો કે મારે આ કોટ ૩૧મી ડિસેમ્બર સુધી ચલાવવાનો છે. કસ્તુરભાઈ ધારે તો દિવસમાં એક ડઝન વખત બદલીને પહેરે એટલાં કપડાં વસાવી શકે. જોકે તેઓ સમજતા હતા કે વ્યક્તિએ સાદાઈ અને કરકસરથી જીવન જીવવું જોઈએ.

મહાત્મા ગાંધીની વાત તો ખૂબ જાણીતી છે. તેઓ પોતાના શરીર પર માત્ર એક વસ્ત્ર પહેરતા. તેઓ માત્ર ધોતિયું પહેરતા. ઉપવસ્ત્ર પહેરતા નહીં એટલે શરીરનો ઉપરનો ભાગ તો ખુલ્લો જ રહેતો.

એક વસ્ત્ર પહેરવાનો નિર્ણય તેમણે બિહારમાં કરેલો.

ચંપારણમાં ગાંધીજીએ સત્યાગ્રહ કર્યો ત્યારે કસ્તુરબા સ્થાનિક શ્રમિક મહિલાઓને તેનું આમંત્રણ આપવા ગયેલાં. એક બંધ ઘરની બારીમાંથી ત્રણ મહિલાઓએ કસ્તુરબા સાથે વાત કરી. કસ્તુરબાએ સત્યાગ્રહની વાત સમજાવીને કહ્યું કે તમે ત્રણેય બહેનો આવજો. બહેનોએ ઘરમાંથી જવાબ આપેલો કે અમે ત્રણેય નહીં આવીએ, અમારા ત્રણમાંથી કોઈ એક બહેન આવશે. કસ્તુરબાને નવાઈ લાગી. તેમણે પૂછ્યું, 'એમ કેમ ? કેમ ત્રણેય નહીં આવો ?' બહેનોનો જવાબ સાંભળીને કસ્તુરબા સ્તબ્ધ થઈ ગયાં. બહેનોએ કહ્યું કે 'અમારી ત્રણેય બહેનો વચ્ચે પહેરવા માટે એક જ સાડી છે. અમે વારાફરથી એ સાડી પહેરીએ છીએ. એક સાડી છે એટલે તેને પહેરીને કોઈ એક જણ આવીશું.'

કસ્તુરબાએ ગાંધીજીને આ વાત કરી.

ગાંધીજીએ એ દિવસથી નિર્ણય કર્યો કે હું મારા શરીર પર માત્ર એક જ વસ્ત્ર પહેરીશ. એ દિવસથી તેમણે માત્ર ધોતી પહેરવાનું શરૂ કર્યું. ૧૯૧૭થી મૃત્યુ પર્યંત ૧૯૪૮ સુધી, એટલે કે ૩૧ વર્ષ તેમણે પોતાના શરીર પર માત્ર એક જ વસ્ત્ર ધારણ કર્યું હતું.

સરદાર પટેલ પણ ખૂબ સાદું જીવન જીવતા. સ્વતંત્રતાની લડતમાં જોડાયા પછી તેઓ ખાદીનાં કપડાં પહેરતા. તેમની પાસે પણ ઘણી ઓછી જોડ કપડાં હોતાં. સરદાર પટેલનાં ખાદીનાં ધોતિયામાંથી તેમનાં દીકરી મણિબહેન પોતાનાં બ્લાઉઝ સીવતાં. (ભારતના નાયબ વડાપ્રધાન સરદાર પટેલ ચશ્માંની તૂટેલી દાંડીને દોરીથી બાંધીને ચલાવતા.)

ગુજરાતના મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ પટેલ પોતાનાં કપડાં પહેરી પહેરીને એટલાં બધાં ઘસી નાખતા કે એ કપડાં પછી પોતાં કરવામાં પણ કામ ના આવતાં. ગૂજરાત વિદ્યાપીઠના સમાજ કાર્ય વિભાગનાં વડાં આનંદીબહેન પટેલ પાસેથી રવિશંકર મહારાજની એક વાત સાંભળી હતી. મહારાજ એક વખત ગૂજરાત વિદ્યાપીઠના ઉપાસના ખંડમાં કાર્યક્રમ દરમિયાન દિવાલથી દૂર બેઠા હતા. કોઈકે કહ્યું કે દાદા, દિવાલને ટેકો દઈને બેસોને ! દાદાએ કહ્યું કે 'જો હું દિવાલને ટેકો દઈને બેસું તો મારો ઝભ્ભો ઘસાઈ જાય અને તેથી ઝભ્ભો ઓછો ચાલે.'

તેઓ બે જ ઝભ્ભા રાખતા. એક ઝભ્ભો પહેરેલો હોય અને એક ખીંટીએ ટીંગાળેલો હોય. મહારાજ ઝભ્ભો ઘસાય નહીં તે માટે દીવાલને અડીને ના બેસતા.

એ વખતના મોટા ભાગના લોકો આ રીતે જીવન જીવતા. કપડાં ઓછાં રાખતા. બે-ત્રણ જાડી તો બહુ થઈ ગઈ. ઉપરાંત કપડાં એટલી બધી વખત પહેરતા કે તે ઘસાઈને ફાટી જતાં.

આજે તો સ્થિતિ એકદમ બદલાઈ ગઈ છે. શ્રીમંત અને મધ્યમવર્ગના લોકોનાં ઘર કપડાંથી ભરેલાં હોય છે. લોકો શરીરને ઢાંકવા કે તેની સુરક્ષા કરવા માટે કપડાં નથી પહેરતા, પરંતુ શરીરનો શણગાર કરવા માટે કપડાં પહેરે છે. ૧૫-૨૦ જોડ કપડાં હોય તો પણ લોકો નવાં નવાં કપડાં ખરીદે છે. બહેનોને તો ખરીદીની બિમારી હોય છે. કબાટમાં ૧૦-૧૨ સાડી પડી હોય તો પણ તેમને નવી સાડી જોઈતી હોય છે. એક સાડી એક વખત પહેરાઈ ગયા પછી એ સાડીને બીજી વખત પહેરવામાં હવે બહેનોને શરમ આવે છે. 'નવા પ્રસંગે નવી સાડીણ તેવો વણલખ્યો નિયમ થઈ ગયો છે. એમાંય લગ્ન ઈત્યાદિ પ્રસંગે તો અત્યંત મોંઘી સાડીઓ ખરીદવામાં આવે છે. ગની દહીંવાલાની જાણીતી ગઝલ, 'દિવસો જુદાઈના જાય છે, એ જશે જરૂર મિલન સુધી' માં એક પંક્તિ આવી આવે છેઃ 'તમે રાજરાણીનાં ચીર સમ, અમે રંક નારની ચૂંદડી ! તમે બે ઘડી રહો અંગ પર, અમે સાથ દઈએ કફન સુધી.'

શ્રાવણ મહિનામાં વરસાદ આવે કે ના આવે, સાડીઓનાં સેલ જરૂર આવે છે. બહેનો ગાંડીતૂર બનીને, બેફામ થઈને, બેભાનાવસ્થામાં સાડીઓની ખરીદી કરે છે.

જે દેશમાં કરોડો લોકોને અંગ ઢાંકવા માટે વસ્ત્ર ન મળતાં હોય એ દેશમાં વસ્ત્રોની આટલી મોટી ખરીદી અને તેનો ઉપયોગ એ અસંવેદનશીલતા અને માનવતાવિહીન સમાજનું લક્ષણ કહી શકાય.

થોડા સમય પહેલાં એક લેખ વાંચ્યો હતો. તેનું શીર્ષક હતું 'પાયજામો'.

એક વખત એક પાયજામો પહેરેલા ભારતીયને એક અંગ્રેજે પૂછ્યું, તમારું આ દેશી પેન્ટ (પાયજામો-લેંઘો) કેટલા દિવસ ચાલે છે ?

ભારતીયે જવાબ આપ્યોઃ 'કાંઈ ખાસ નહીં, હું આ પાયજામો બે વર્ષ પહેરું છું. એ પછી શ્રીમતીજી તેને નાનો કરી નાખે છે. એ પછી અમારો દીકરો રાજુ એકાદ વર્ષ તેને ચડ્ડી તરીકે પહેરે છે. એ પછી શ્રીમતીજી તેમાંથી ઓશિકાનાં કવર બનાવે છે. એકાદ વર્ષ એ કવર ચાલે છે પછી ઘસાયેલાં એ કવર ઝાડું-પોતામાં કામ આવે છે.'

અંગ્રેજે કહ્યું કે એ પછી તો તમે એને ફેંકી દેતા હશોને ?

ભારતીયે કહ્યું કે 'ના, ના. એ પછી તો છ મહિના સુધી હું તેનાથી મારાં બૂટ ચમકાવું છું. એ પછી એ કપડાંમાંથી અમે એ લૂગડાંનો દડો બનાવીએ. છોકરાઓ તેનાથી ક્રિકેટ રમે અને છેલ્લે એ કપડાંમાંથી કોલસાની સગડીને સળગાવવા માટે કાકડી બનાવવામાં આવે. હજી પણ તેનો ઉપયોગ થાય. એની રાખ થાય એનાથી વાસણ માંજવામાં આવે.'

આટલું સાંભળીને અંગ્રેજ આભો બની ગયો.

પાયજામો-ચડ્ડી-ઓશિકાનાં કવર-પોતું- બુટ ચમકાવવા માટેનું કપડું- દડો-સગડી માટેની કાકડીઃ આ રીતે એક જમાનામાં તો એક જ કપડાંના સાત સાત અવતાર થતા.

આ વાત જો આજની પેઢીને સંભળાવીએ તો તેઓ પણ બેભાન જ થઈ જાય.

કપડાં એ શરીરને ઢાંકવા માટેની જરૂરિયાત છે. જ્યારે આપણે એને વૈભવ ગણવા માંડીએ છીએ, કોઈના પર પ્રભાવ પાથરવા માટેનું સાધન માની લઈએ છીએ, તેને સ્ટેટ્?સ માનવા લાગીએ છીએ, તેને ફેશન બનાવી દઈએ છીએ, જરૂરિયાત કરતાં અનેક ગણાં વધારે કપડાં વાપરવા માંડીએ છીએ ત્યારે અનેક પ્રકારની અસમાનતા ઊભી થાય છે.

**છાંયડોઃ**

પ્રત્યેક વધારાનું વસ્ત્ર કોઈ પાસેથી છીનવેલું હોય છે એ હકીકત આપણે ક્યારે સમજીશું ? આપણે વધારે વસ્ત્રો ખરીદીને જાણે-અજાણે વિશ્વની નગ્નતામાં ફાળો આપીએ છીએ ?